"ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા"

# " અખબારી યાદી "

**માર્ચ–૨૦૧૩ ના એસ. એસ. સી. ની શાળાકીય પરીક્ષાઓ લેવા બાબત.**

આથી રાજયની તમામ માન્ય માધ્યમિક શાળાઓ, G S O S અભ્યાસ કેન્દ્રના આચાર્યશ્રીઓ તથા સંસ્કૃત પ્રથમાના પ્રધાન આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, માર્ચ ૨૦૧૩ ની એસ. એસ. સી. પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોની શાળા કક્ષાના વૈકલ્પિક વિષયોની પરીક્ષા તારીખ ૧/૨/૨૦૧૩ થી તારીખ ૧૨/૨/૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. તેના ગુણ બોર્ડની કચેરીએથી **OMR SHEETS** આપવામાં આવશે તેમાં ભરવાના રહેશે. તેનું **વિતરણ તારીખ ૧૫/૨/૨૦૧૨ ને શુક્રવારના રોજ જિલ્લાના વિતરણ કેન્દ્ર ખાતેથી ૧૧–૦૦ થી ૧૭–૦૦ સુધી વિતરણ કરવામાં આવશે.** ગુણ ભરેલા **OMR SHEETS** સર્વગ્રાહી મૂલ્યાંકનના ૩૦ ગુણવાળા તથા મૂલ્ય અને જીવન કૌશલ્યના **OMR SHEETS** પણ અત્રેથી જે કવરમાં આપવામાં આવશે તે જ કવરમાં પરત કરવાના છે. જેની ખાસ કાળજી લેવાની રહેશે. **OMR SHEETS** પરત કરવાની તારીખ હવે પછી જાણ કરવામાં આવશે.

**સ્થળ :** વડોદરા

**તારીખ :** ૨૪/૧/૨૦૧૩

( એન. એમ. મહેતા )
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્ય.અને ઉચ્ચ.માધ્ય.શિક્ષણ બોર્ડ,
પરીક્ષા વિભાગ
વડોદરા

**નકલ સવિનય રવાના :**

(૧) માહિતી નિયામકશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮, બીજો માળ, જૂના સચિવાલય, ગાંધીનગર, જાહેર હિતમાં અખબારી યાદી વિના મૂલ્યે દૈનિકપત્રોમાં પ્રસિધ્ધ કરવા વિનંતી સહ.

(૨) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી બિલ્ડીંગ, રાવપુર, વડોદરા તેમજ અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ, જામનગર અને જૂનાગઢને જાણ માટે તેમજ વિના મૂલ્યે ગુજરાત રાજયના તમામ દૈનિક અખબારોમાં લોકહિતે પ્રસિધ્ધ કરવા સારૂ.

**નકલ સવિનય રવાના :**

(૩) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને જાણ સારૂ.

(૪) નાયબ અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને જાણ સારૂ.

(૫) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને જાણ સારૂ.

(૬) ખાસ ફરજ પરના અધિકારીશ્રી, (GSOS) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

(૭) **રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જાણ તેમજ સ્થાનિક દૈનિક પત્રોમાં પ્રસિધ્ધિ આપવા સારૂ.**